# SHRI B.P.B.ARTS AND M.H.G.COMMERCE COLLEGE, UNJHA

**એમ.એ.: સેમેસ્ટર–૨ ગુજરાતી : પેપર - ૨૦૨ ડૉ.એ.એસ.જાદવ**

૧. 'રીતિઃ કાવ્યસ્ય આત્મા'–ના પુરસ્કર્તા કોણ છે ?

(A) ક્ષેમેન્દ્ર (B) વામન (C) મંમટ (D) વિશ્વનાથ

૨. વીરરસનો સ્થાયીભાવ કયો છે ?

(A) ભય (B) ઉત્સાહ (C) વિસ્મય (D) શોક

૩. શારીરિક વિકાર એટલે શું ?

(A) અનુભાવ (B) વિભાવ (C) વ્યભિચારી ભાવ (D) સ્થાયીભાવ

૪. ૧૭ મી સદીમાં થયેલા છેલ્લા ભારતીય મીમાંસક કોણ છે ?

(A) જગન્નાથ (B) વામન (C) ભરત (D) વિશ્વનાથ

૫. ઔચિત્યવિચારના પુરસ્કર્તા કોણ છે ?

(A) વિશ્વનાથ (B) વામન (C) મંમટ (D) ક્ષેમેન્દ્ર

૬. ભરતના શાસ્ત્રગ્રંથનું નામ શું છે ?

(A) અલંકાર (B) કાવ્યશાસ્ત્ર (C) કાવ્યાલંકાર (D) નાટયશાસ્ત્ર

૭. આનંદવર્ધનના ધ્વનિવિચાર પર મીમાંસા લખનાર મીમાંસક કોણ હતા ?

(A) અભિનવગુપ્ત (B) શંકુક (C) આચાર્ય ભરત (D) લોલ્લટ

૮. કવિની રીતિ પ્રમાણે કાવ્યના પ્રકારો આપનાર મીમાંસક કયા છે ?.

(A) ભામહ (B) જગન્નાથ (C) વામન (D) કુન્તક

૯. ભરતના મતે વ્યભિચારી ભાવોની સંખ્યા કેટલી છે ?.

(A) ૩૧ (B) ૩૨ (C) ૩૩ (D) ૩૪

૧૦. જગન્નાથના મતે કાવ્યના પ્રકારો કેટલાં છે ?.

(A) ૩ (B) ૪ (C) ૫ (D) ૬

૧૧. કયા પ્રકારના કાવ્યમાં 'અર્થના ચમત્કાર કરતાં શબ્દનો ચમત્કાર મહત્વનો હોય છે ?'

(A) ઉત્તમોત્તમ (B) ઉત્તમ (C) મધ્યમ (D) અધમ

૧૨. 'વાકયમ રસાત્મકમ કાવ્યમ'ની વ્યાખ્યા કોણે આપી ?

(A) જગન્નાથ (B) વિશ્વનાથ (C) ભામહ (D) કુન્તક

૧૩. નાટયશાસ્ત્રના કયા અધ્યાયમાં રસપ્રક્રિયા અંગેનું સૂત્ર મળે છે ?

(A) પાંચમા (B) છઠ્ઠા (C) સાતમા (D) આઠમા

૧૪. ભરતના રસસૂત્ર પ્રમાણે સ્થાયીભાવોની સંખ્યા કેટલી છે ?

(A) સાત (B) આઠ (C) નવ (D) દસ

૧૫. અદભુતરસનો સ્થાયીભાવ કયો છે ?

(A) ક્રોધ (B) ઉત્સાહ (C) ભય (D) વિસ્મય

૧૬. ફિકાશ, પરસેવો અને પલાયનવૃત્તિ–કયા સ્થાયીભાવના વિકાર છે ?

(A) શોક (B) રતિ (C) ભય (D) ક્રોધ

૧૭. શંકુકનો રસવિચાર કયા નામે ઓળખાય છે ?

(A) અનુકરણવાદ (B) ભુક્તિવાદ (C) અનુમિતિવાદ (D) રસઉત્પત્તિવાદ

૧૮. લજ્જા, હર્ષ, કંપ, –કયા સ્થાયીભાવના વિકાર છે ?

(A) શોક (B) રતિ (C) ભય (D) ક્રોધ

૧૯. આનંદવર્ધનના પ્રતિષ્ઠિત ગ્રંથનું નામ શું છે ?

(A) નાટયશાસ્ત્ર (B) કાવ્યશાસ્ત્ર (C) ધ્વનિશાસ્ત્ર (D) ધ્વન્યાલોક

૨૦. મંમટના મતે રસાભાસનું મુખ્ય કારણ કયું છે ?

(A) અનૌચિત્ય (B) અસ્ફૂટતા (C) અપ્રધાનતા (D) ઉદાસીનતા

૨૧. સાધારણીકરણનો સિધ્ધાંત કોણે આપ્યો ?

(A) અભિનવગુપ્ત (B) આનંદવર્ધન (C) ભટ્ટ નાયક (D) ભટ્ટ લોલ્લટ

૨૨. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'સાધારણીકરણ' માટે કયો શબ્દ પ્રયોજ્યો છે ?

(A) કલ્પનાવ્યાપાર (B) તાદાત્મ્ય (C) સમાનધર્મા (D) સમસંવેદન

૨૩. 'ધ્વનિનું અસ્તિત્વ જ નથી'–એમ કહેનારા લોકો કયા નામે ઓળખાયા ?

(A) ધ્વનિવાદીઓ (B) લક્ષણાવાદીઓ (C) અભાવવાદીઓ (D) ધ્વનિવિરોધીઓ

૨૪. આનંદવર્ધનના 'ધ્વન્યાલોક' પરની અભિનવગુપ્તે કરેલી ટીકા કયા નામે જાણીતી છે ?

(A) કાવ્યપ્રકાશ (B) લોચન (C) નભોવિહાર (D) કાવ્યકલ્પ

૨૫. મંમટના શાસ્ત્રગ્રંથનું નામ શું છે ?

(A) કાવ્યલોક (B) કાવ્યશાસ્ત્ર (C) કાવ્યવિચાર (D) કાવ્યપ્રકાશ

૨૬. 'બેઠી ખાટે ફરિ વળી બધે મેડીઓ ઓરડામાં'–ક્યા પ્રકારનું કાવ્ય છે ?

(A) વસ્તુધ્વનિ (B) અલંકારધ્વનિ (C) કાવ્યધ્વનિ (D) રસધ્વનિ

૨૭. ધ્વનિસિધ્ધાંત અને રસસિધ્ધાંતનો નોંધપાત્ર વિવરણકાર કોણ ગણાય છે ?

(A) અભિનવગુપ્ત (B) આનંદવર્ધન (C) ભટ્ટ નાયક (D) ભટ્ટ લોલ્લટ

૨૮. અભિનવગુપ્તની રસ સંબંધી ચર્ચા કયા નામે ઓળખાય છે ?

(A) ભુકિતવાદ (B) અનુમિતિવાદ (C) અભિવ્યંજનાવાદ_____(D) રસઉત્પત્તિવાદ

૨૯. ભરતના નાટયશાસ્ત્ર પરની અભિનવગુપ્તની વિવેચના કયા નામે ઓળખાય છે ?

(A) લોચન (B) કાવ્યાદર્શ (C) અનુક્રમ (D) અભિનવભારતી

30. ઔચિત્ય અંગેની ચર્ચાનો ક્ષેમેન્દ્રનો પ્રમાણભૂત ગ્રંથ કયો છે ?

(A) ઔચિત્ય (B) ઔચિત્યપૂર્વક (C) ઔચિત્ય વિશે (D) ઓચિત્યવિચારચર્ચા

૩૧. **रमणीयार्थ प्रतिपादकः शब्दः काव्यम** –કાવ્યની આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) ભરત (B) રાજશેખર (C) મંમટ (D) જગન્નાથ

૩૨. **शब्दार्थौ सहितौ काव्यम**–કાવ્યની આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) ભામહ (B) કુન્તક (C) મંમટ (D) જગન્નાથ

૩૩. ‘જે વ્યક્તિ કે વસ્તુને અવલંબીને સ્થાયીભાવ પ્રગટ થાય તેને કયો ભાવ કહે છે ?

(A) અનુભાવ (B) વ્યભિચારી ભાવ (C) આલંબન વિભાવ (D) ઉધ્ધિપન વિભાવ

૩૪. અભિનયની દ્રષ્ટિએ ભરતે ગણાવેલા સંચારી ભાવોમાં________ભાવનો સામાવેશ થતો નથી.

(A) આંગિક (B) વાચિક (C) સાત્વિક (D) તમસ

૩૫. ‘જન્મેલા સ્થાયીભાવને વધારે, વધુ ઉદિપ્ત કરે તેને____________કહે છે ?

(A) અનુભાવ (B) વ્યભિચારી ભાવ (C) આલંબન વિભાવ (D) ઉધ્ધિપન વિભાવ

૩૬. જેમાં વાચ્ય અર્થ વિવક્ષિત ન હોય એટલે કે કહેવા ઇચ્છેલો ન હોય એવા અર્થને__________ધ્વનિ કહેવાય.

(A) વિવક્ષિત વાચ્ય (B) અવિવક્ષિત વાચ્ય (C) વસ્તુધ્વનિ (D) આલંબન ધ્વનિ

૩૭. ‘ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું’– એ_____________નું ઉદાહરણ છે.

(A) વસ્તુધ્વનિ (B) અલંકાર ધ્વનિ (C) રસધ્વનિ (D) વિવક્ષિત ધ્વનિ

૩૮. કુન્તકે ગણાવેલા વક્રોક્તિના પ્રકારો કેટલા છે ?

(A) ચાર (B) પાંચ (C) છ (D) આઠ

૩૯. કુન્તકે ગણાવેલા વક્રોક્તિના પ્રકારમાં __________નો સમાવેશ થતો નથી.

(A) વર્ણવિન્યાસ વક્રતા (B) શબ્દવક્રતા (C) પ્રબંધ વક્રતા (D) પદપૂર્વાર્ધ વક્રતા

૪૦. જગન્નાથ વિશેષ જાતના આનંદને શું કહે છે ?

(A) નિરતિશય (B) બ્રહ્માનંદ (C) અદભૂત (D) લોકોત્તર

૪૧. "જે કાવ્યમાં શબ્દ અને અર્થ ગૌણ થઇને કોઇપણ ચમત્કારી અર્થને અભિવ્યક્ત કરે છે, તે કાવ્યને જગન્નાથ કેવું કાવ્ય કહે છે ?

(A) ઉત્તમ (B) ઉત્તમોત્તમ (C) મધ્યમ (D) અધમ

૪૨. જેમાં વ્યગ્યાર્થ ગૌણ હોય અને તેમ હોવા છતાં ચમત્કારનું કારણ બનતું હોય તે કાવ્યને જગન્નાથ કેવું કાવ્ય કહે છે ?

(A) ઉત્તમ (B) ઉત્તમોત્તમ (C) મધ્યમ (D) અધમ

૪૩. 'જે ભાવનો બોધ કરાવે તેને__________કહે છે.

(A) વિભાવ (B) અનુભાવ (C) વ્યભિચારી ભાવ (D) સમભાવ

૪૪. "રુદન, બેભાનાવસ્થા, દાંત બંધાઇ જવા-વગેરે ___________નામના સ્થાયીભાવના વિકાર છે.

(A) હાસ (B) શોક (C) ભય (D) જુગુપ્સા

૪૫. અભિનવગુપ્તે ગણાવેલા રસપ્રતીતિના વિઘ્નો કેટલાં છે ?

(A) પાંચ (B) છ (C) સાત (D) આઠ

૪૬. અભિનવગુપ્તે ગણાવેલા રસપ્રતીતિના વિઘ્નોમાં__________નો સમાવેશ થતો નથી.

(A) પ્રતિપત્તિ (B) હાસ્ય (C) સંભાવનાવિરહ (D) અપ્રધાનતા

૪૭. પ્રતિભાના કારયિત્રી અને ભાવયિત્રી એવા બે પ્રકારો ____________નામના કવિએ આપ્યા છે.

(A) ભરત (B) મંમટ (C) રાજશેખર (D) જગન્નાથ

૪૮. 'સર્જકની અનુભૂતિને સાધારણ માનવની અનુભૂતિ બનાવવી'-તે પ્રક્રિયાને શું કહે છે ?

(A) સાધારણીકરણ (B) અનુકરણ (C) અનુભાવન (D) સંક્રમણ

૪૯. આનદવર્ધને ધ્વનિકાવ્યના મુખ્ય કેટલાં પ્રકારો ગણાવ્યા છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૫૦. વક્રોક્તિ સાથે કયા મીમાંસકનું નામ જોડાયેલું છે ?

(A) મંમટ (B) આનંદવર્ધન (C) જગન્નાથ (D) કુન્તક

૫૧. આનંદવર્ધને ધ્વનિકાવ્યના મુખ્ય કેટલાં પ્રકારો ગણાવ્યા છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

૫૨. ‘રસગંગાધર’ નામના ગ્રંથના લેખક કોણ છે ?

(A) કુન્તક (B) મંમટ (C) જગન્નાથ (D) રાજશેખર

| QUE. NO. | ANS. | QUE. NO. | ANS. | QUE. NO. | ANS. | QUE. NO. | ANS. | QUE. NO. | ANS. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 11 | D | 21 | C | 31 | D | 41 | B |
| 2 | B | 12 | B | 22 | A | 32 | A | 42 | A |
| 3 | A | 13 | B | 23 | C | 33 | C | 43 | A |
| 4 | A | 14 | C | 24 | B | 34 | D | 44 | B |
| 5 | D | 15 | D | 25 | D | 35 | D | 45 | C |
| 6 | D | 16 | C | 26 | A | 36 | B | 46 | B |
| 7 | A | 17 | D | 27 | A | 37 | A | 47 | C |
| 8 | D | 18 | B | 28 | C | 38 | C | 48 | A |
| 9 | C | 19 | D | 29 | D | 39 | B | 49 | B |
| 10 | B | 20 | A | 30 | D | 40 | D | 50 | D |